પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

વર્ષ : ૩૦ અંક : ૧૫ કુલ પાના : ૪ તારીખ : ૦૮-૦૯-૨૦૨૬ મંગળવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ગુજરાત સરકાર



NAMO 4VIKSIT BHARAT @VADODARA



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીના
વરદ હસ્તે વડોદરા ખાતે
₹ ૩૫,૨૦૦ કરોડથી વધુના
જન-કલ્યાણકારી- બહુઉદ્દેશી વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત

તારીખ : ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ | સમય: સવારે ૧૦:૩૦ વાગે

સ્થળ: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પેવેલિયન ગ્રાઉન્ડ , વડોદરા

માનનીય વડાપ્રધાનશ્રીને "સ્વચ્છતા થી સ્વાગત" થકી આવકારે છે ગુજરાત

લોકાર્પણ

વડોદરા-પૂર્વના ૧.૧૦ લાખ નાગરિકોને પીવાનું પાણી મળતાં આરોગ્ય અને જીવનધોરણ ઉન્નત બનશે

આજવા ખાતે ૧૫૦ એમએલડી ક્ષમતા ધરાવતા નવા જળ ઈન્ટેકથી ભવિષ્યની જરૂરિયાત પૂરી થશે

ખાનપુર સેવાસી ખાતે ૨૭૦ નવાં આવાસથી ઘરનું સ્વપ્ન થયુ સાકાર.

ભરુચ જિલ્લામાં જંબુસર-ટંકારી-દેવના રોડના પુન: બાંધકામથી માળખાગત સુવિધામાં વધારો થશે

મહીસાગર જિલ્લામાં કડાણા ડેમ પર ૧૧૦ મે.વો. ક્ષમતાના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટથી ગ્રીન ગ્રોથને વધુ ગતિ મળશે

વડોદરાથી ટાંડા રોડ (મધ્ય પ્રદેશ) વચ્ચે નવી ટ્રેનની શરૂઆતથી કનેક્ટિવિટી વધશે

ખાતમુહૂર્ત

રિંગ રોડ ફેઝ-૨ અંતર્ગત ૧૭.૫૬ કિ.મી. રોડ બનશે, જેનાથી નાગરિકોની સફર વધુ સુવિધાજનક બનશે

વિશ્વામિત્રી નદી ઊંડી કરવાના કામનું ખાતમુહૂર્ત

મહાનગરપાલિકાના નવા વહીવટી ભવનથી નાગરિકોને જનસુવિધાઓ સરળતાથી મળશે

વડોદરા રેલવે સ્ટેશનનાં પ્લેટફોર્મ નં. ૭ પર બુલેટ ટ્રેન સ્ટેશનના થકી શહેરને મળશે હાઈ-સ્પીડ કનેક્ટિવિટી

આજવા સફારી પાર્ક અને કમાટી બાગમાં મગર આકારનો પુલ આપશે વડોદરાને નવી વૈશ્વિક ઓળખ.

"વડોદરાનો આ સર્વાંગી વિકાસ એ માત્ર એક શહેરની પ્રગતિ નથી, પરંતુ તે ગુજરાતની ગતિ અને 'વિકસિત ભારત' ના ભવિષ્યની મજબૂત આધારશિલા છે."

હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

GUJARAT'S GROWTH
INDIA'S FUTURE.

મહિસાગર – છોટાઉદેપુર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા,બોડેલી
પંચમહાલ સમાચાર

સશક્ત દીકરી – કલેક્ટર ઈન ક્લાસરૂમ‘‘

# સશક્ત દીકરી અભિયાન અંતર્ગત માધ્યમિક શાળા પાનવડ ખાતે જીલ્લા કલેક્ટર ગાર્ગી જૈને વિદ્યાર્થીનીઓ સાથે સંવાદ કર્યો

**પોતાના સપનાઓ અને લક્ષ્યોને ઓળખી ચોક્કસ દિશામાં મહેનત કરી આગળ વધવા માર્ગદર્શન આપતા – જીલ્લા કલેક્ટર.**

લુણાવાડા, જીલ્લા વહીવટી તંત્રની અનોખી પહેલ સશક્ત દીકરી – કલેક્ટર ઈન ક્લાસરૂમ‘‘ અભિયાન અંતર્ગત માધ્યમિક શાળા પાનવડ ખાતે કિશોરીઓમાં અડગ આત્મવિશ્વાસ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને નેતૃત્વના ગુણો ખીલે માટે જીલ્લા કલેક્ટરશ્રી ગાર્ગી જૈન દ્વારા શાળાની દીકરીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન સાથે સંવાદ કર્યો હતો.

સંવાદ દરમિયાન કલેક્ટરએ પોતાના વિદ્યાર્થીકાળના સંઘર્ષો, અનુભવો અને કારકિર્દીના સફર વિશે જણાવ્યું હતું. દીકરીઓને પોતાના સપનાઓ અને લક્ષ્યોને ઓળખી ચોક્કસ દિશામાં મહેનત કરવા માટે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. સાથે શૈક્ષણિક કાર્ય સાથે શરીરની તન્દુરસ્તી માટે રમતો રમવાથી માત્ર શરીર જ નહીં પણ મન પણ સ્વસ્થ રહે છે અને એકાગ્રતામાં વધારો થાય છે.

કલેકટરએ પોતાની કારકિર્દીના અનુભવો શેર કરવાની સાથે વિદ્યાર્થીનીઓને ’ગુડ ટચ – બેડ ટચ’ વિશે મુક્ત મને વાત કરી સંવેદનશીલ અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સાથે દીકરીઓમાં આત્મગૌરવ જગાડતા રોજના જીવનમાં હું સ્વચ્છ રહીશ, આત્મવિશ્વાસી રહીશ, સુરક્ષિત રહીશ અને મારા પરિવાર તથા દેશનું નામ રોશન કરીશ જેવા સંકલ્પ વાક્યોનું નિત્ય રટણ કરવા



પ્રેરણા આપી હતી. કલેક્ટરશ્રીની આ અનોખી મુલાકાતે દીકરીઓમાં એક નવો ઉત્સાહ અને આત્મવિશ્વાસ ભરી દીધો હતો.

કલેકટરશ્રીના હસ્તે પર્યાવરણ અને શિક્ષણના સમન્વય સમાન હાજર તમામ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહક ભેટ સ્વરૂપે ’પ્લાન્ટેબલ પેન્સિલ’ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળાની વિદ્યાર્થીનીઓએ દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવા અને ઉચ્ચ શિખરો સર કરવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# બોડેલી નગર પાલિકાવોર્ડ નં.૩માં પાણીની લાઇન તૂટતા પાણી પુરવઠો ખોરવાતા રહિશો પરેશાન

ઊચાપાન , છોટાઉદેપુર જીલ્લા ના બોડેલી નગરપાલિકાના વોર્ડ નં. ૩માં છેલ્લા પાંચ દિવસથી પાણી પુરવઠો ખોરવાતા સ્થાનિકોની હાલત કફોડી બની છે.

સોમનાથ સોસાયટી સહિતના વિસ્તારોમાં નવો RCC રોડ બનાવવા માટે JCBથી કરવામાં આવેલા ખોદકામ દરમિયાન પાણીની લાઈનોને નુકસાન થતાં પાણી પુરવઠો બંધ થયો હોવાનું જાણવા મળ્યું છે. પાણીની લાઈનોના સમારકામની કામગીરી શરૂ કરાઈ હોવા છતાં પાંચ દિવસ બાદ પણ સમસ્યા યથાવત રહેતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવામળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ સોમનાથ સોસાયટીમાં જૂના રસ્તાને તોડી નવો RCC રોડ



બનાવવાની કામગીરી ચાલી રહી છે. દરમિયાન JCBથી કરાયેલા ખોદકામમાં પાણીની લાઈનો તૂટી જતાં સોમનાથ સોસાયટી, જમના પાર્ક સોસાયટી સહિતના વિસ્તારોમાં પાણી પહોંચતું બંધ થઈ ગયું હતું. એક તરફ રોડની કામગીરી મંથરગતિએ ચાલી રહી છે, બીજી તરફ પાણીની સમસ્યાના કારણે રહિશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.ઘરવપરાશથી લઈ શૌચાલય સુધી પાણીની તંગી પાંચ દિવસથી પાણી ન મળતાં રહિશોની દૈનિક જરૂરિયાતો પણ ખોરવાઈ ગઈ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, લાઈન તૂટ્યા બાદ નગરપાલિકા દ્વારા તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી. ટેન્કર મારફતે પાણી પહોંચાડવામાં આવે તેવી માંગ છતાં પૂરતી વ્યવસ્થા ન થતાં લોકોની મુશ્કેલી વધી છે.

પાલિકા સભ્યવોર્ડ નં. ૩ના સદસ્ય પાર્થ સોનીના જણાવ્યા મુજબ, અગાઉ ગટર લાઈનનું કામ કરવામાં આવ્યું હતું અને હવે વિકાસના ભાગરૂપે RCC રોડ બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે.ખોદકામ દરમિયાન પાણીની લાઈનોને નુકસાન થતાં પાણી પુરવઠો ખોરવાયો છે. બે દિવસની રજાઓના કારણે કામદારો ઉપલબ્ધ ન હોવાથી સમારકામની કામગીરીમાં વિલંબ થયો હોવાનું તેમણે જણાવ્યું હતું. સાથે જ આવતીકાલે કામગીરી પૂર્ણ કરી પાણી પુરવઠો પૂર્વવત કરવાની ખાતરી આપી છે.

# બોડેલી નવજીવન હાઈસ્કૂલના તેજલબેન પંચાલને રાજ્યપાલના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ



બોડેલી, છોટાઉદેપુર જીલ્લાના બોડેલી માટે એક ગૌરવની ક્ષણ સામે આવી છે. બોડેલીની નવજીવન હાઈસ્કૂલના શિક્ષિકા તેજલબેન પંચાલને રાજ્યસ્તરે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા છે. ગાંધીનગર ખાતે યોજાયેલા એક ખાસ કાર્યક્રમમાં રાજ્યપાલના હસ્તે તેમને આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો હતો.

તેજલબેન પંચાલની પસંદગી શિક્ષણ ક્ષેત્રે તેમની ઉત્તમ કામગીરી, વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટેના સતત પ્રયાસો અને શિક્ષણમાં તેમના નોંધપાત્ર યોગદાનને કારણે કરવામાં આવી હતી.

રાજ્યસ્તરે મળેલા આ સન્માનથી બોડેલી સહિત સમગ્ર છોટાઉદેપુર જીલ્લાના શિક્ષણ જગતમાં ખુશી અને ગર્વની લાગણી ફેલાઈ છે. રાજ્યપાલના હસ્તે સન્માન મેળવીને તેજલબેન પંચાલે નવજીવન હાઈસ્કૂલ, બોડેલી અને સમગ્ર જીલ્લાનું ગૌરવ વધાર્યું છે.

તેજલબેન પંચાલને મળેલા આ સન્માન બદલ નવજીવન હાઈસ્કૂલના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# છોટાઉદેપુર રેલવે સ્ટેશને ખાતે સાંસદ અને પાલિકા પ્રમુખની ઉપસ્થિતીમાં સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો

છોટાઉદેપુર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૮ સપ્ટેમ્બરના ગુજરાત આગમનને વધાવવા છોટાઉદેપુરમાં સ્વચ્છતા સે સ્વાગત જનઅભિયાનનો પ્રારંભ કરાયો છે. રેલવે સ્ટેશન પર યોજાયેલા સ્વચ્છતા કાર્યક્રમમાં સાંસદ જસુભાઈ રાઠવા સહિત જનપ્રતિનિધિઓ, નગરપાલિકા સભ્યો, કર્મચારીઓ તેમજ સફાઈ સેવકોએ શ્રમદાન કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૮ સપ્ટેમ્બરના ગુજરાત આગમનને વધાવવા છોટાઉદેપુરમાં સ્વચ્છતા સે સ્વાગત જનઅભિયાનનો પ્રારંભ કરાયો છે. આ અંતર્ગત છોટાઉદેપુર રેલવે સ્ટેશન પર સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં સાંસદ જસુભાઈ રાઠવા, નગરપાલિકા પ્રમુખ પરવેઝ મકરાણી, ચીફ ઓફિસર, વિવિધ સમિતિઓના ચેરમેન, નગરપાલિકા સભ્યો, કર્મચારીઓ તેમજ સફાઈ સેવકો જોડાયા હતા. સૌએ સાથે મળીને સ્ટેશન પરિસરમાં શ્રમદાન કર્યું હતું. સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે સ્વચ્છતા, હરિયાળી તેમજ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે કટિબદ્ધતા દર્શાવાઈ હતી. અભિયાન દ્વારા સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવાનો પ્રયાસ કરાયો હતો. પાલિકા તેમજ નગરજનોએ સ્વચ્છ ભારતના સંકલ્પને સાકાર કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# સંખેડામાં પંચેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણના અંતિમ સોમવારે ભજન સંધ્યા યોજાઈ



સંખેડા, શ્રાવણ મહિનાના અંતિમ સોમવારે પંચેશ્વર મહાદેવ મંદિરે સાંજે ૬ વાગ્યે ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયો.આ કાર્યક્રમમાં ભજન કલાકાર હર્ષદાન ગઢવી અને લોક સાહિત્ય કલાકાર અભિજીતસિંહ ધુમ્મડનું વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.વિશ્વ હિન્દુ પરિષદે કલાકારોને ધાર્મિક ભજનો અને હિન્દુ સંસ્કૃતિને આગળ વધારવા પ્રોત્સાહન આપ્યું. પરિષદે જણાવ્યું કે તેઓ હંમેશા કલાકારોની સાથે છે.

# મહીસાગર જીલ્લાના ૧૨૪ શાહુકારોને ઓડિટ રિપોર્ટ રજૂ ન કરવા બદલ નોટિસ ફટકારાઈ

લુણાવાડા, શાહુકારોના નિબંધક અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહીસાગર દ્વારા જીલ્લામાં નોંધાયેલા શાહુકારો પૈકી ૧૨૪ શાહુકારોને કાયદાકીય કાર્યવાહી અર્થે નોટિસ ફાળવવામાં આવી છે. આ નોટિસ ઓડિટ પૂર્ણ કરાવી સત્વરે ઓડિટ રિપોર્ટ ઓનલાઈન રજૂ કરવાના આદેશ સાથે આપવામાં આવી છે.

ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબત અધિનિયમ–૨૦૧૧ અન્વયે તા. ૩૧/૦૩/૨૦૨૬ અંતિત સુધીનું ઓડિટ સત્વરે પૂર્ણ કરાવી, તેનો ઓડિટ રિપોર્ટ ’ઈ–કો–ઓપરેટીવ’ (e-Co-operative) પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવા સૂચના આપવામાં આવી છે. જો શાહુકારો દ્વારા સત્વરે ઓડિટ પૂર્ણ કરાવીને રિપોર્ટ ઓનલાઈન અપલોડ કરવામાં નહીં આવે, તો અધિનિયમ–૨૦૧૧ ની જોગવાઈઓ મુજબ તેમની સામે ઘટતી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

વધુમાં જણાવાયું છે કે, નિયમાનુસાર જે શાહુકારનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૫૦ લાખથી વધુ હોય તેઓએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C.A.) પાસે અને રૂપિયા ૫૦ લાખથી ઓછું ટર્નઓવર ધરાવતા શાહુકારોએ વૈધાનિક ઓડીટર પાસે ફરજીયાત ઓડિટ કરાવવાનું રહેશે

# લુણાવાડા બાવન પાટીદાર સમાજઘર ખાતે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા બદલ નપાણિયા પ્રાથમિક શાળાના શિક્ષિકા ગ્રીષ્માબેન પટેલને મહીસાગર જીલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક - ૨૦૨૬‘‘ એનાયત કરવામાં આવ્યો

લુણાવાડા, શિક્ષક એ માત્ર અક્ષરજ્ઞાન આપનાર વ્યક્તિ નથી, પરંતુ સમાજનું ઘડતર કરનાર સાચો માર્ગદર્શક છે. શિક્ષણ ક્ષેત્રે પોતાનું અમૂલ્ય યોગદાન આપીને અસંખ્ય બાળકોના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવતા શિક્ષકોની નિષ્ઠા અને સમર્પણ ભાવનાને બિરદાવવી એ સમગ્ર સમાજની ફરજ છે. આ જ પરંપરાને સાર્થક કરતા, લુણાવાડામાં બાવન પાટીદાર સમાજઘર ખાતે પમી સપ્ટેમ્બર ’શિક્ષક દિન’ના અવસરે લુણાવાડા પંથકના નિષ્ઠાવાન શિક્ષિકા ગ્રીષ્માબેન પટેલને જીલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પારિતોષિક આપી સન્માનિત કર્યા હતા. તેમની આ વિશેષ સિદ્ધિથી સમગ્ર મહીસાગર જીલ્લા અને લુણાવાડા તાલુકામાં ગૌરવની લહેર ફરી વળી છે.

લુણાવાડા ખાતે આવેલ બાવન પાટીદાર સમાજઘર ખાતે ’મહીસાગર જીલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક કાર્યક્રમ – ૨૦૨૬’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ સમારોહમાં જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ, શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ તેમજ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ ક્ષેત્રે નવીન પ્રયોગો, ગુણવત્તાસભર શિક્ષણ અને શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોનું જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતુ.જ્યારે લુણાવાડા તાલુકાના મોટાડોકવા ગામના વતની અને હાલ નપાણિયા (લાડવેલ) કેન્દ્રવર્તી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા ગ્રીષ્માબેન નરેન્દ્રકુમાર



પટેલને તેમની નિષ્ઠાપૂર્વકની સેવાઓ અને શિક્ષણ ક્ષેત્રે આપેલા વિશિષ્ટ પ્રદાન બદલ ‘‘મહીસાગર જીલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક – ૨૦૨૬‘‘ એનાયત કરવામાં આવ્યો હતો. મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તેમને મોમેન્ટો, પ્રશસ્તિપત્ર અને સન્માનપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.ગ્રીષ્માબેન પટેલને મળેલા આ જીલ્લા કક્ષાના બહુમાનથી નપાણિયા (લાડવેલ) કેન્દ્રવર્તી પ્રાથમિક શાળા પરિવાર, ગ્રામજનો, સહકર્મીઓ તેમજ સમગ્ર લુણાવાડા પંથકમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શિક્ષણ પ્રત્યેનું તેમનું સમર્પણ, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના સતત પ્રયાસો અને શાળાકીય પ્રવૃત્તિઓમાં તેમનું સક્રિય યોગદાન આ એવોર્ડનું મુખ્ય કારણ બન્યું છે.આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ શિક્ષણ જગતના અગ્રણીઓ, ગ્રામજનો, સ્નેહીજનો અને શુભેચ્છકો દ્વારા ગ્રીષ્માબેન પટેલ પર સતત શુભેચ્છાઓનો વર્ષાવ થઈ રહ્યો છે.

# છોટાઉદેપુર રેલ્વે સ્ટેશન બહાર જુના દબાણો પર પાલિકાએ બુલડોઝર ફેરવ્યુ

છોટાઉદેપુર, છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વર્ષો જુના દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યુ છે.

છોટાઉદેપુર રેલ્વે સ્ટેશન બહાર નડતરરૂપ બનતા ૯ થી ૧૦ જેટલા લારી–ગલ્લાના દબાણો દુર કરી તંત્ર દ્વારા રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે. આ સાથે જ સ્ટેશન પરીસરની બહાર પડી રહેલા ભંગાર વાહનો અને કચરો સાફ કરીને સ્વચ્છતાં ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

છોટાઉદેપુર રેલ્વે સ્ટેશન પાસે છેલ્લા ઘણા સમયથી લારી–ગલલા અને ગેરકાયદે કબ્જો જમાવી બેઠેલા દબાણકર્તાઓ સામે નગરપાલિકા તંત્ર દ્વારા કાર્યવાહી કરી છે. નગરપાલિકાની ટીમ દ્વારા કડક વલણ અપનાવીને રેલ્વે સ્ટેશન બહારના ૧૦ વર્ષો જુના દબાણો દુર કર્યા હતા. આ દબાણ હટાવો ઝુંબેશ દરમિયાન કોઈ અણબનાવ ન બને અને કામગીરી ઝડપથી થાય તે માટે છોટાઉદેપુર પાલિકાના ઈન્ચાર્જ, પ્રમુખ તથા ચીફ ઓફિસર સ્થળ પર હાજર રહ્યા હતા. તેમની સીધી દેખરેખ હેઠળ નગરપાલિકાના સ્ટાફે દબાણોનો સંપુર્ણ ખાતમો બોલાવ્યો હતો. દબાણો દુર કરવાની સાથે તંત્ર દ્વારા સમગ્ર સ્ટેશન વિસ્તારને સ્વચ્છ બનાવવાની કામગીરી હાથ ધરી હતી. રેલ્વે સ્ટેશન પરીસરમાં લાંબા સમયથી પડી રહેલા ભંગાર વાહનો, બિનવારસી સાધનો અને કચરાના ઢગલા દુર કરીને વિસ્તારને ચકાચક કરવામાં આવ્યો હતો. રેલ્વે સ્ટેશન બહાર વર્ષોથી થતાં દબાણોને કારણે મુસાફરો અને સ્થાનિક રહિશોને ભારે ટ્રાફિક તથા ગંદકીની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. પાલિકાની આ કામગીરી બાદ વર્ષો જુની સમસ્યાનો અંત આવ્યો છે.

# બોડેલી નગરપાલિકા દ્વારા સ્વચ્છતાંના અભાવે મુખ્ય માર્ગો પર કચરાના ઢગલાથી દુકાનદારોમાં રોષ

બોડેલી, બોડેલી નગરમાં સફાઈના નામે માત્ર દેખાડો થઈ રહ્યો છે. નગરના મુખ્ય માર્ગ પર અનેક જગ્યાએ કચરાના ઢગલા ખડકાયેલા જોવા મળી રહ્યા છે. બીજી તરફ નગરપાલિકા દ્વારા નાગરિકો પાસેથી તોતિંગ સફાઈ વેરો વસુલવામાં આવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડભોઈ રોડ પર આવેલા વિસ્તારોમાં લાંબા સમયથી ન તો સફાઈ કર્મચારીઓ ફરકે છે ન તો નગરપાલિકાને તાજેતરમાં મળેલી નવી વેકયુમ ગાડી સફાઈ માટે પહોંચે છે. પરિણામે દુકાનો આગળ કચરાના ઢગલા જોવા મળે છે. જેના કારણે વિસ્તારમાં દુર્ગંધ અને રોગચાળાની ભય સેવાઈ રહ્યો છે. આ મામલે સ્થાનિક દુકાનદારોએ નગરપાલિકા સમક્ષ અનેકવાર રજુઆતો કરી હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. દુકાનદારોનો આક્ષેપ છે કે, જયારે તેઓ સફાઈ અંગે અધિકારીઓનો સંપર્ક કરે છે ત્યારે તેમને ઉડાઉ જવાબો આપવામાં આવે છે. જેના કારણે દુકાનદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોનુ કહેવુ છે કે, એક તરફ પાલિકા સફાઈ વેરાના નામે મસમોટી રકમ વસુલે છે પરંતુ તેની સામે પાયાની સફાઈની સુવિધા પણ પુરી પાડવામાં નિષ્ફળ રહી છે. આ સ્થિતિ અંગે નગરપાલિકાના જવાબદાર અધિકારીઓનુ વલણ બેદરકારીભર્યુ હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૧૦૭/૨૦૨૫, તા.૨૯/૦૬/૨૦૨૬

અરજદાર– શ્રી બારીઆ લક્ષ્મણભાઈ હીરાભાઈ, રહે.ખોખબેડ,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂધ્ધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,ખોખબેડ, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્મ્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી બારીઆ લક્ષ્મણભાઈ હીરાભાઈ તેમના માતા નામે બારીઆધડમબેન હીરાભાઈની મરણ તા.૨૦/૦૫/૨૦૦૮ નારોજ મુ.ખોખબેડ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના માતાનો મરણ થયેલ ત્યારે મરણ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ખોખબેડ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના માતાનો મરણના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ–૨૯ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૧૩૧/૨૦૨૬, તા.૧૫/૦૬/૨૦૨૬

અરજદાર– શ્રી હઠીલા નારસીંગભાઈ ધનજીભાઈ, રહે.કાકડખીલા,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂધ્ધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,કાકડખીલા, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્મ્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી હઠીલા નારસીંગભાઈ ધનજીભાઈ તેમના પુત્રી નામે હઠીલા હીનાબેન નારસીંગભાઈની જ્મ્મ તા.૦૫/૦૧/૨૦૧૭ નારોજ મુ.કાકડખીલા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રીનો જ્મ્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.કાકડખીલા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જ્મ્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ–૧૫ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

## આપની આજ.......

મેષ:આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભ:આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુનઃ આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્કઃ આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહઃ આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યાઃ આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલા:ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધનઃ આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્રોત બનશે.

મકરઃ આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીનઃ આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે.

# ઘોઘંબાના દાઉદ્રા ગામે ગ્રામસભા અને સામાન્ય સભા ન ભરાવાના લઈ રજૂઆત છતાં કાર્યવાહી ન થતા, તંત્રની કામગીરી સામે ગ્રામજનોમાં ઉગ્ર રોષ

ઘોઘંબા

ઘોઘંબા તાલુકાના દાઉદ્રા ગામે ગ્રામસભા અને સામાન્ય સભા નિયમિત રીતે ન ભરાતી હોવાની રજૂઆત બાદ પણ તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હોવાના આક્ષેપો સામે આવ્યા છે. ગ્રામસભા અને સામાન્ય સભા ન ભરાવાની ફરિયાદને લઈને અરજદારોએ જિલ્લા કક્ષાએ રજૂઆત કરી હોવા છતાં આટલા દિવસો વિતી ગયા પછી પણ તપાસ કે કાર્યવાહી ન થતાં ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.અરજદારોના જણાવ્યા મુજબ, સમગ્ર મામલે રજૂઆત કરવા માટે જિલ્લા કચેરીના ત્રણ-ત્રણ વખત ધક્કા ખાધા, છતાં જવાબદારો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે હવે અરજદારો તંત્રની કામગીરી સામે જ સવાલો ઉઠાવી રહ્યા છે.અરજદારોનો આક્ષેપ છે કે અગાઉ કેટલાક તલાટી-સરપંચ દ્વારા એવો દાવો કરવામાં આવતો હતો કે, “ગમે એટલી રજૂઆતો કરો, અમારુંકોઈ કંઈ બગાડી શકે તેમ નથી.“ તે સમયે અરજદારોને લાગતું હતું કે કદાચ આ માત્ર અધિકારીઓ સામેની બેફિકરાઈભરી વાતો હશે. પરંતુ જિલ્લા કક્ષાએ વારંવાર રજૂઆત કર્યા બાદ પણ કાર્યવાહી ન થતાં હવે અરજદારો સવાલ કરી રહ્યા છેકે,

# બાકરોલ પ્રા. શાળામાં કુપોષણ નાબુદી કાર્યક્રમ યોજયો




કાલોલ,

ભારતમાં દર વર્ષે ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર દરમિયાન રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી થાય છે. આ સપ્તાહનો મુખ્ય હેતુ બાળકો, સગર્ભા મહિલાઓ અને સામાન્ય નાગરિકોમાં પૌષ્ટિક આહાર, સ્વાસ્થ્ય અને કુપોષણ મુક્ત ભારત પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.આ અંતર્ગત કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં કુપોષણ નાબુદી કાર્યક્રમ યોજાયો. શાળાના આચાર્ય દિનેશભાઈ પ્રજાપતિ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને કુપોષણ નાબુદી વિશે માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓ અને સમાજમાં કુપોષણ નાબુદી પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી એક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# કાલોલ ખાતે સરકારી તાલુકા ગ્રંથાલયની સેવાઓ પ્રજાજનો માટે લોકાર્પિતઃ ઉદઘાટન સમારોહ યોજાયો



કાલોલ.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા ગ્રંથાલય ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અંતર્ગત પંચમહાલ જિલ્લાના કાલોલ ખાતે સરકારી તાલુકા ગ્રંથાલયની સેવાઓ પ્રજાજનોને લોકાર્પિત કરવાનો ભવ્ય સમારોહ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ઉદઘાટક તરીકે ૧૨૭-વિધાનસભાના ધારાસભ્ય ફતેસિંહ વખતસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ગ્રંથાલયની સેવાઓનું ઉદઘાટન કરી તેને સામાન્ય જનતા માટે ખુલ્લું મુક્યું હતું.

આ લોકાર્પણ સમારોહ તારીખ ૦૭-૦૯-૨૦૨૬ ને દિવસે બપોરે ૨:૦૦ કલાકે કાલોલ સ્થિત વિજય ટોકીઝ રોડ, લાલ દરવાજા પાસે આવેલ સરકારી તાલુકા ગ્રંથાલયના પરિસરમાં યોજાયો હતો.આ પ્રસંગે નિમંત્રક તરીકે મદદનીશ ગ્રંથાલય નિયામક (વડોદરા વિભાગ) વિધાબેન ભમાત તેમજ નિયામક ગ્રંથાલય (ગુજરાત રાજ્ય, ગાંધીનગર) તેમજ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, નગરપાલિકા ઉપપ્રમુખ ગૌરાંગભાઈ દરજી, પક્ષના નેતા હરિકૃષ્ણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનોએ હાજરી આપી હતી. ગ્રંથાલય શરુ થવાથી આ વિસ્તારના વાચકો, વિદ્યાર્થીઓ અને પ્રજાજનોને અભ્યાસ તથા જ્ઞાનવર્ધન માટે મોટો લાભ મળશે.

# એસ.આર.દવે કન્યા વિદ્યાલય વેજલપુરમાં સ્વઃ સ્વિટી શ્રધ્ધાજલિ કાર્યક્રમ ઉમન્ગેશ્વર પ્રાર્થના હોલમાં યોજાયો

– વેજલપુર પોલીસ મથકના પી આઈ શ્રી જી કે વહુનીયા, શી ટીમ ના હેડ કોન્સ્ટેબલ મેનકાબેન તથા જયપાલસિંહ ની ખાસ હાજરી રહી હતી.
– શાળા ની વિદ્યાર્થીનીઓ તથા સંગીત સમ્રાટ ગોપાલભાઈ દ્વારા પ્રાર્થના, ભજન અને કૃતિ રજૂ કરી કાર્યક્રમ ની શરૂઆત કરી હતી.



કાલોલ,

સ્વઃસ્વિટીની તસ્વીરને ફુલહાર અને ધુપ-દિપ મહેમાનો દ્વારા કરવામાંઆવ્યું હતું. શાળામાં ગત પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે ઉતીર્ણ થયેલ ધોરણ ૯,૧૦,૧૧,૧૨ની વિદ્યાર્થીનીઓને કંચનલાલ મોહનલાલ સોની પરિવાર દ્વારા પ્રોત્સાહન પુરસ્કાર મહાનુભાવો ના હસ્તે વિતરણ કરવામાં આવ્યા.

વિવિધ કૃતિ રજૂ કરનાર ૧૭ વિદ્યાર્થીનીઓને ગીતા મહેન્દ્ર સોની દ્વારા રોકડ ઈનામ તથા પરેશકુમાર સોની પરિવાર, અમદાવાદ તરફથી ૧૨ ટીફીન બોક્સ આપવામાં આવ્યા.

શાળાના આચાર્યા હર્ષાબેન પંચાલ, વેજલપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. જી.કે.વેહુનીયા તથા મહેન્દ્ર સોનીએ પ્રાસંગિક વક્તવ્યો રજુ કર્યા.

સ્વઃ સ્વિટી નો શ્રધ્ધાજલિ કાર્યક્રમ કંચનલાલ મોહનલાલ સોની પરિવાર દ્વારા છેલ્લા ૩૨ વર્ષ થી શાળા માં યોજાય છે અવિરતપણે શાળા ના સ્ટાફે કાર્યક્રમ સફળ બનાવવામાં ખુબ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમમાં હાજરી આપવા બદલ રૂણસ્વિકાર મોમેન્ટો પી આઈ સર જી કે વહુનીયા તથા શી ટીમના હેડ કોન્સ્ટેબલ મેનકાબેનને કંચનલાલ મોહનલાલ સોની પરિવાર દ્વારા આપવામાં આવ્યો. અંતે હર્ષાબેન પંચાલે આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો.

# ભારતીય જનતા પાર્ટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના સેવા અને સમર્પણ ના ૨૫ વર્ષ ને “સેવા સંકલ્પ અભિયાન” તરીકે ઉજવાયો



ગોધરા,

ભાજપના અનેવડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી તરીકેઅને વડાપ્રધાન તરીકેના શાસન દરમિયાન જે કોઈ લાભાર્થીને સરકારની યોજનાનો લાભ મળ્યો હોયએ લાભાર્થી સુધી આ સમયગાળા દરમિયાન પહોંચ્યો હોય એવા લાભાર્થીના પ્રતિભાવ લેવા ઉપરાંત અનેકવિધ કાર્યક્રમનુંઆયોજન કરવા હેતુ ગોધરાના ભાજપ જીલ્લા ભાજપ કાર્યાલય શ્રી કમલમ ખાતે જીલ્લા કાર્યશાળા નું આયોજન કરવા માં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, ઉપાધ્યક્ષ અને હાલોલના ધારાસભ્ય જયદ્રથ સિંહ પરમાર, પંચમહાલ જીલ્લા ભાજપ પ્રમુખ મયંકભાઈ દેસાઈ, જીલ્લા ભાજપ પ્રભારી હર્ષદભાઈ વસાવા,જીલ્લા પંચાયત પ્રમુખ નીરજ ભાઈ, રાજ્ય સભાના સાંસદ ડો જસવંતસિંહ પરમાર, મોરવા હડ્ફ ના ધારાસભ્ય નિમીષાબેન સુથાર, કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, મહામંત્રી કુલદીપસિંહ સોંલકી, નરેન્દ્રસિંહ ગોહિલ, જીગ્નેશભાઈ પાઠક ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યશાળામાં પ્રદેશ મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા વિસ્તાર પુર્વક સમગ્ર “સેવા સંકલ્પ અભિયાન ”ની માહિતી આપી હતી.આ કાર્યક્રમોમાં વિશેષમાં આવનાર ૧૭ સપ્ટેમ્બર ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લાંબા આયુષ્ય માટે ઘેર ઘેર દીવડા પ્રગટાવશે જેને “આશીર્વાદ નો દીવડો” તરીકે ઉજવાશે. આ સિવાય ૨૫કરોડ બાળકોના સપનાનું ભારત વિષય પર રાષ્ટ્રવ્યાપી ચિત્ર અને વકૃત્વ સ્પર્ધા “નમો સેવા ગાથા” જેમા શેરી નાટકો નું આયોજન આંગણવાડી ઉત્સવ“ આંગણવાડી બહેનો નું સન્માન અને માતૃ સંવાદ કાર્યક્રમ વાર્તા પરિવર્તન ની” યોજનાઓ થકી આવેલ લાભાર્થીઓના જીવન માં આવેલ પરિવર્તન “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” પ્રજા લક્ષી વિકાસ ના કામો ના સ્થળ ની મુલાકાત સહીત ના જુદા જુદા કાર્યક્રમો કરવા નક્કી કરવામાં આવ્યું. જેમાં સરકારની સાથે સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ કામે લાગશે, કાર્યક્રમમાં જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત સભ્યો અને સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# કાલોલ ખાતે ૭૭માં 'વન મહોત્સવ' અને 'વન કવચ' લોકાર્પણ કાર્યક્રમનું ભવ્ય આયોજન

કાલોલ

સામાજિક વનીકરણ વિભાગ ગોધરા, રેન્જ કાલોલ દ્વારા તાલુકા કક્ષાના ૭૭માં વન મહોત્સવની ઉજવણી, વન કવચ લોકાર્પણ તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું સફળ આયોજન વન કવચ, કાલોલ ખાતે કરવામાં આવ્યું હતું.“વૃક્ષ વાવીએ, જીવન બચાવીએ“ અને “વૃક્ષો વાવીએ હરિયાળું ગુજરાત બનાવીએ“ ના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે કાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ , મંડળ પ્રમુખ મહિદીપસિહ ગોહિલ તેમજ નગરપાલિકા ચીફ ઓફિસર સંજય પટેલ હાજર રહ્યા હતા.



આ નિમંત્રણ કાર્યક્રમનું આયોજન સામાજિક વનીકરણ વિભાગ, ગોધરાના નાયબ વન સંરક્ષક વી. આર. ડામોર (IFS) તથા કાલોલ વિસ્તરણ રેન્જના પરિક્ષેત્ર વન અધિકારી શ્રીમતી એસ. આઈ. રાઠવા દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનનો સંદેશ આપવામાં આવ્યો હતો તથા કાલોલ વિસ્તારને વધુ હરિયાળું બનાવવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કરાયો હતો.

# શહેરામાં દિન-પ્રતિદિન વકરતી ખનીજ ચોરીઃ તંત્રનો ખોફ સાવ ગાયબ



**શહેરા તાલુકામાં ભૂમાફિયાઓ અને ખનીજ ચોરો પરથી કાયદાનો ડર સાવ ઓસરી ગયો છે, ત્યારે આ કાળા કારોબાર સામે જીલ્લા ખાણ-ખનીજ વિભાગે ઘોર નિંદ્રા અને શંકાસ્પદ લાચારી ઓઢી લીધી છે કે શું. તાલુકા ના વિસ્તારમાં ખાણ ખનીજ વિભાગ ની ટીમની અવર જવર માત્ર શોભાના ગાંઠિયા તરીકે હોય તેવું લાગી રહ્યું છે.હાલમાં લોકોમાં ચર્ચાઇ રહ્યું છે કે , ખનીજ વિભાગની આ પ્રકારની રહસ્યમય ચૂપકીદી પાછળ કોઈ મોટા હિતસંબંધો અથવા તો છૂપો આશીર્વાદ હોવાની આશંકા સેવાઈ રહી છે.તંત્રના ડર વિના ધમધમતા આ રેતી અને સફેદ પથ્થરના કાળા કારોબારને કારણે સરકારી તિજોરીને લાખો રૂપિયાનું રોયલ્ટી નુકસાન થઈ રહ્યું છે**

શહેરા,

શહેરા તાલુકામાં ખાણ-ખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી સામે અસરકારક કાર્યવાહી કરવામાં નહીં આવતા દિન-પ્રતિદિન સફેદ પથ્થર અને રેતીનું ગેરકાયદેસર ખનન બેફામ વધી રહ્યું છે. તાલુકા મથક ખાતે અવારનવાર ખાણ ખનીજ વિભાગની સરકારી ગાડી અને અધિકારીઓની હાજરી જોવા મળે છે. પરંતુ આશ્ચર્યજનક રીતે, આ ગાડીઓની ચહલપહલ માત્ર ઔપચારિક બની રહી હોય તેમ લાગી રહ્યું છે.

શહેરા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી ખનીજ ચોરો બેફામ બન્યા છે. તાલુકામાં દિન-પ્રતિદિન બિનઅધિકૃત રીતે રેતી, સફેદ પથ્થર અને માટી સહિતના ખનીજોનું ગેરકાયદેસર ખનન અને વહન થઈ રહ્યું છે.જીલ્લા ખાણ અને ખનીજ વિભાગ દ્વારા કોઈ જ અસરકારક કે કડક કાર્યવાહી કરવામાં આવી રહી નથી. તંત્રની આ ઢીલી નીતિ અને નિષ્ક્રિયતાને કારણે ખનીજ માફિયાઓ તંત્રને ઘોળીને પી ગયા હોય તેમ નિર્ભય બનીને સરકારી સંપત્તિ લૂંટી રહ્યા છે. તાલુકા મથક ખાતે અવારનવાર ખાણ ખનીજ વિભાગની સરકારી ગાડી અને અધિકારીઓની હાજરી જોવા મળે છે. પરંતુ આશ્ચર્યજનક રીતે, આ ગાડીઓની ચહલપહલ માત્ર ઔપચારિક બની રહી હોય તેમ લાગી રહ્યું છે. તાલુકામાંથી પસાર થતાં ગેરકાયદેસર ખનીજ ભરેલા ઓવરલોડ ડમ્પરો અને ટ્રેક્ટરો અધિકારીઓની નજર સામેથી પસાર થાય છે, તેમ છતાં તેમની સામે દંડાત્મક પગલાં ભરવામાં આવતા નથી. આ પરિસ્થિતિને જોતાં પ્રજાજનોમાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે શું ખનીજ વિભાગ માત્ર દેખાવો કરવા માટે જ તાલુકામાં આવે છે? ખનીજ ભરેલ ઓવરલોડ વાહનોના સતત વાહનવ્યવહારને કારણે તાલુકાના મુખ્ય અવર જવરના તેમજ ગ્રામીણ માર્ગો પણ બિસ્માર બની ગયા છે, જેનાથી સામાન્ય વાહનચાલકો અને ગ્રામજનોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.હાલમાં લોકોમાં ચર્ચાઇ રહ્યું છે કે , ખનીજ વિભાગની આ પ્રકારની રહસ્યમય ચૂપકીદી પાછળ કોઈ મોટા હિતસંબંધો અથવા તો છૂપો આશીર્વાદ હોવાની આશંકા સેવાઈ રહી છે.સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું રોયલ્ટીનું નુકસાન પહોંચાડી રહેલા આ ખનીજ ચોરો એટલા બેફામ બન્યા છે કે તેમને કાયદા કે તંત્રનો સહેજ પણ ડર રહ્યો નથી.

# પંચશીલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, કોટડા (ગોધરા) ખાતે ઉત્સાહભેર ઉજવાયો શિક્ષક દિન

ગોધરા,

પંચશીલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, કોટડા (ગોધરા) ખાતે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે શિક્ષક દિનની ભવ્ય અને ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના તમામ પ્રવાહના વિદ્યાર્થીઓ અને અદયાપકોએ સાથે મળીને આ દિવસને યાદગાર બનાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત કોલેજના પ્રિન્સિપાલ અને સ્ટાફ મિત્રો એ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.

આજના આ વિશેષ દિવસે કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રોફેસર્સની ભૂમિકા ભજવી હતી. આર્ટ્સ અને સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓએ અલગ-અલગ કલાસમાં જઈને ખૂબ જ રસપ્રદ શૈક્ષણિક પદ્ધતિઓ દ્વારા લેક્ચર્સ લીધા હતા અને કોલેજ સંચાલનનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. ત્યારબાદ આયોજીત મુખ્ય સભામાં વિદ્યાર્થીઓએ ગુરૂઓ પ્રત્યે આદર વ્યકત કરતા પ્રેરણાદાયી



વક્તવ્યો, કવિતાઓ અને સુંદર વિચારો રજૂ કર્યા હતા.

કોલેજના આચાર્ય એ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, શિક્ષકો માત્ર પાઠયપુસ્તકનું જ્ઞાન જ નથી આપતા પરંતુ વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય અને ચરિત્રનું ઘડતર કરે છે. તેમણે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા આ સુંદર આયોજન અને ઉત્સાહને ખૂબ બિરદાવ્યા હતા.

સમગ્ર દિવસ દરમિયાન કોલેજ કેમ્પસનું વાતાવરણ ગુરૂ-શિષ્યના પવિત્ર પ્રેમ અને આદરથી સભર રહ્યું હતું. અંતમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ઉત્સાહી વિદ્યાર્થી-શિક્ષકોને પ્રોત્સાહિત ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને આભારવિધિ સાથે આ સફળ કાર્યક્રમનું સમાપન થયું હતું.

# કાલોલ તાલુકાના કાનોડ ગામે પોસ્ટ વિભાગમાં ફરજ બજાવતા મોહનપુરા વટલાવના ૨૫ વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી

કાલોલ,

કાલોલ તાલુકાના કાનોડ ગામે પોસ્ટ વિભાગમાં ફરજ બજાવતા અને મૂળ ગોધરા તાલુકાના મોહનપુરા વટલાવના ૨૫ વર્ષીય યુવાને કોઈ અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આપઘાત ઘટનાની જાણ થતાં વેજલપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી પી.એમ. અર્થે ખસેડવામાં આવ્યો.

ગોધરા તાલુકાના મોહનપુરા વટલાવના રહિશ અને હાલ કાલોલ તાલુકાના કનોડ પોસ્ટ વિભાગમાં ફરજ બજાવતા ભાગ્યેશ ગુલાબસિંહ ચૌહાણ ઉ.વ.૨૫ એ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પોસ્ટ વિભાગમાં ફરજ બજાવતા ૨૫ વર્ષીય યુવાનએ આપઘાત કરી જીવન ટુંકાવી નાખવાની ઘટનાને લઈ પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.



આપઘાતના બનાવની જાણ થતાં વેજલપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહનો કબ્જો મેળવી પી.એમ. અર્થે ખસેડવામાં આવ્યો હતો. મૃતક યુવાનના પરિવારજનોને જાણ કરતાં મોહનપુરા વટલાવ ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. યુવાને કયા કારણોસર આપઘાત કર્યો હોય તેનું ચોકકસ કારણ સામે આવ્યું નથી. વેજલપુર પોલીસે અ.મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ર

# શહેરાનું મરડેશ્વર ધામ શિવમય બન્યુંઃ અંતિમ સોમવારે દર્શન માટે શિવભક્તો ઉમટી પડ્યા

**અંતિમ સોમવારે શહેરાનું મરડેશ્વર મંદિર 'હર હર મહાદેવ'ના નાદથી ગૂંજ્યુંઃ ૮ ફૂટ પહોળા અને ઉંચાઈ ધરાવતાશિવલિંગના દર્શને ભક્તોનું ઘોડાપૂર.**

શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લાભરમાં શ્રાવણ માસના અંતિમ સોમવારે શિવ મંદિરોમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. નાના-મોટા શિવાલયો ‘હર હર મહાદેવ’ અને ’ઓમ નમઃ શિવાય’ના જયઘોષથી ગૂંજી ઉઠ્યા હતા.પૌરાણિક મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવભક્તોનો અવિરત પ્રવાહ જોવા મળ્યો હતો. ભાવિકોએ દેવાધિદેવ મહાદેવના સ્વયંભૂ શિવલિંગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



શહેરા સહિત સમગ્ર જીલ્લામાં આવેલા શિવાલયો શ્રાવણ માસના છેલ્લા સોમવારનું વિશેષ મહાત્મ્ય હોવાથી હર હર મહાદેવના નાંદ થી ગુંજી ઉઠ્યા હતા.જ્યારે મરડેશ્વર મહાદેવ ખાતે સવારની આરતીથી જ દર્શનાર્થીઓની લાંબી કતારો લાગી ગઈ હતી. આસપાસના ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત દૂર-દૂરથી આવેલા શિવભક્તોએ મહાદેવને શીશ નમાવ્યું હતું. ભકતોએ ભક્તિભાવપૂર્વક દેવાધિદેવ શિવજીને જળાભિષેક, દૂધાભિષેક તેમજ બીલીપત્ર, કાળા તલ, કમળ અને વિવિધ સુગંધિત પુષ્પો અર્પણ કરીને વિશેષ પૂજા-અર્ચના કરી હતી. સમગ્ર મંદિર પરિસર ધૂપ-દીપ અને વૈદિક મંત્રોચ્ચારથી ભક્તિમય બની ગયો હતો. મરડેશ્વર મહાદેવ મંદિર તેની પૌરાણિકતા અને અનોખી માન્યતા માટે સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે. અહીં બિરાજમાન શિવલિંગ અત્યંત વિશાળ અને આકર્ષક છે. મોટી સંખ્યામાં આવેલા ભાવિક ભક્તોએ આઠ ફૂટ પહોળાઈ અને લંબાઈ ધરાવતા આ અલૌકિક શિવલિંગના દર્શન કરી ભાવવિભોર બન્યા હતા. લોક માન્યતા મુજબ શ્રાવણના અંતિમ સોમવારે અહીં દર્શન અને પૂજન કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે, જેથી શિવભક્તોએ પૂરા શ્રદ્ધાભાવથી દાદાના ચરણોમાં નમન કર્યા હતા.માત્ર મરડેશ્વર મહાદેવ મંદિર જ નહીં, પરંતુ જીલ્લામાં આવેલા વિવિધ શિવ મંદિરોમાં પણ દર્શને શિવભક્તોની અવર જવર જોવા મળી હતી મંદિરોમાં વિશેષ શણગાર, લઘુરૂદ્ર, શિવધૂન અને મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન કોઈ અપ્રિય બનાવ બન્યા વગર અત્યંત શાંતિપૂર્ણ અને ધાર્મિક વાતાવરણમાં શ્રાવણ માસના અંતિમ સોમવારની ઉજવણી સંપન્ન થઈ હતી.

# ગોધરા તાલુકાની વેગનપુર માઈનોર કેનાલમાં પાણી ન આપતા ૧૦૦ હેકટરના પાકને નુકસાનની ભિતી

ગોધરા,

ગોધરા શહેરથી ઉત્તર-પુર્વ દિશામાં આવેલા વેગનપુર અને તેની આસપાસના ૨૦થી વધુ ગામોના ખેડુતો માટે આ વર્ષે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા ખેડુતો પાનમ કેનાલના પાણી પર નિર્ભર બન્યા હતા. પરંતુ પાનમ કેનાલ અંતર્ગત આવતી માઈનોર-૩૧ કેનાલમાં અનિયમિત પાણી પુરવઠાના કારણે અંદાજે ૧૦૦ હેકટરથી વધુ જમીનમાં વાવેતર કરાયેલી ડાંગર અને સોયાબીનનો પાક નષ્ટ થવાના આરે પહોંચી ગયો છે. ગોધરા પાસે આવેલ વેગનપુર, ઢોકળી, ગવાસી, ભીમા, ગોલી, વાલિયા, ધુસર, મોકલના મુવાડા અને ગોળી ડુંગરી ફળિયુ સહિતના છેવાડાના ગામોમાં સ્થિતિ અત્યંત ગંભીર બની છે. વેગનપુર ઢોકળી ગેટથી આગળ ૩૧-આર માઈનોર કેનાલમાં પાણી પહોંચતુ જ નથી. એપ્રિલ માસથી જ કેનાલમાં પુરતુ પાણી ન મળતા ખેડુતોનો કિંમતી પાક સુકાઈ રહ્યો છે. ખેડુતોનો આક્ષેપ છે કે, સિંચાઈ વિભાગના અધિકારીઓને વારંવાર ટેલિફોનીક રજુઆતો કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ મળતો નથી. જેના કારણે ખેડુતોમાં ભારે રોષ વ્યાપ્યો છે. ૧૦૦ હેકટરથી વધુ જમીનમાં ડાંગર અને સોયાબીનનો પાક સુકાવવાની અણી પર છે ત્યારે વિસ્તારના ખેડુતો ફકત ખેતી પર નિર્ભર હોવાને કારણે જો પાણીની અછતને કારણે પાક નષ્ટ થશે તો પાયમાલ થઈ જશે જેથી હાલ સ્થિતિને લઈને તાત્કાલિક કેનાલમાં પાણી પુરવઠો કાર્યરત કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.